ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૩ ટકા ● સાંજે ૭૯ ટકા

# પાંચ વર્ષમાં યાત્રાધામોમાં ૧૫ હજાર કિલોવોટથી વધુ સૌરઊર્જાનું ઉત્પાદન

**આજે
૨૦ ઓગસ્ટ
ભારતીય અક્ષય ઊર્જા દિવસ**

## ૩૪૯ ધાર્મિક સ્થળો પર ૧૬.૨૨ કરોડના ખર્ચે સોલાર સિસ્ટમ કાર્યરત : અંબાજી સ્થિત શ્રી આરાસુરી અંબાજી મંદિર, ડાકોર સ્થિત શ્રી રણછોડરાયજી મંદિર, કચ્છ સ્થિત કોટેશ્વર મહાદેવ મંદિર, વાંસદા સ્થિત ઉનાઈ માતાજી મંદિર સહિતના યાત્રાધામોમાં રૂ. ૭૯.૪૭ લાખના ખર્ચે ૫ હાઈડ્રોલિક લિફ્ટનું નિર્માણ

### ગુજરાતના મુખ્ય યાત્રાધામમાં સૌર-ઊર્જા ક્ષમતા

- સોમનાથ - ૨૦૦ કિલોવોટ
- અંબાજી - ૯૮ કિલોવોટ
- દ્વારકા- ૩૧ કિલોવોટ
- બહુચરાજી - ૧૦૦ કિલોવોટ
- ડાકોર - ૨૫ કિલોવોટ
- ઉમિયા માતા મંદિર (ઉંઝા)- ૩૦ કિલોવોટ
- સ્વામિનારાયણ મંદિર (વડતાલ) -૬૦ કિલોવોટ







ગાંધીનગર, તા.૧૯

ગુજરાતી પ્રજાના આધ્યાત્મિક ઊર્જાના કેન્દ્રબિંદુ એવા યાત્રાધામો સૌર-ઊર્જા ક્રાંતિમાં પણ પોતાનું યોગદાન આપી રહ્યા છે. ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ તરફથી પ્રાપ્ત માહિતી અનુસાર રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં યાત્રાધામોમાં સોલાર રૂફટોપ સિસ્ટમ દ્વારા અંદાજે ૧૫,૮૯૧ કિલોવોટ સૌર-ઊર્જાનું ઉત્પાદન થયું છે.

ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં વર્ષ ૨૦૧૭-૧૮માં મહત્વના યાત્રાધામોમાં સોલાર રૂફટોપ સિસ્ટમ ઈન્સ્ટોલ કરવાનો શુભારંભ થયો હતો. જે અંતર્ગત છેલ્લા ૪ વર્ષમાં ૩૪૯ ધાર્મિક સ્થળો પર ૧૬.૨૨ કરોડના ખર્ચે સોલાર સિસ્ટમ કાર્યરત કરવામાં આવી. જેના પરિણામે યાત્રાધામોમાં અંદાજે રૂ. ૨૧ કરોડ ૬૦ લાખ અને ૭ હજારની વીજબચત થઈ છે.

મહત્વની બાબત એ છે કે આ સોલાર-ઊર્જાના પગલે યાત્રાધામોમાં પારંપારિક ઉત્સવોમાં વપરાતી વીજળી નિશુલ્ક પ્રાપ્ત થઈ રહી છે. આ અંગે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સચિવ શ્રી આર.આર.રાવલ કહે છે : "સોલાર રૂફટોપ સિસ્ટમના કારણે ૩૪૯ યાત્રાધામોને સૂર્ય-ઉર્જા મળે છે. તેનો ખર્ચ ઝીરો થઈ ગયો છે. વળી, વીજળીના વપરાશ બાદ બચેલી વીજળી સરકારને વેચી આવક પણ પ્રાપ્ત થાય છે." યોજનાના અમલીકરણ અંગેની વિગતો આપતા શ્રી રાવલ કહે છે કે, યાત્રાધામ સોલાર રૂફટોપ યોજનામાં સરકાર હસ્તકના યાત્રાધામોનો તમામ ખર્ચ રાજ્ય સરકાર વહન કરે છે, જ્યારે ખાનગી ટ્રસ્ટ સંચાલિત યાત્રાધામોમાં ૭૦ ટકા ખર્ચ સરકાર અને ૩૦ ટકા ખર્ચ ખાનગી ટ્રસ્ટ કરે છે.

યાત્રાધામ - ઉર્જા-બચત સાથે યાત્રી -સુવિધામાં વૃદ્ધિ થવા પામી છે. રાજ્યના ૧૩ યાત્રાધામો ખાતે વીજ-બચત માટે રૂ. ૨૧૧.૪૭ લાખના ખર્ચે કામગીરી હાથ ધરવામાં આવી છે.

ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડે રાજ્યનાં વિવિધ યાત્રાધામો ખાતે વીજળીકરણની કામગીરી અંતર્ગત સોલાર રૂફટૉપ સિસ્ટમની સુવિધા, વીજ બચત કરતાં ઉપકરણો મૂકવાની કામગીરી, પીવાનાં પાણીની સુવિધા તથા દિવ્યાંગ અને વરિષ્ઠ નાગરિકોની સુવિધા માટે હાઈડ્રોલિક લિફ્ટની સુવિધા પણ વિકસાવી છે.

આ સંદર્ભે રાજ્યનાં કુલ ૫૬ યાત્રાધામો ખાતે રૂ. ૨૦૯.૧૧ લાખના ખર્ચે વીજળીકરણની કામગીરી કરવામાં આવી છે. વિવિધ યાત્રાધામોમાં સુવિધાઓના વિકાસ સંદર્ભે વાત કરીએ તો અંબાજી સ્થિત શ્રી આરાસુરી અંબાજી મંદિર, ડાકોર સ્થિત શ્રી રણછોડરાયજી મંદિર, કચ્છ સ્થિત કોટેશ્વર મહાદેવ મંદિર, વાંસદા સ્થિત ઉનાઈ માતાજી મંદિર સહિતના યાત્રાધામોમાં રૂ. ૭૯.૪૭ લાખના ખર્ચે ૫ હાઈડ્રોલિક લિફ્ટનું નિર્માણ કરાયું છે.

# સર્વ નેતૃત્વના યુવાનો માટે એક દિવસીય "સર્વ અમૃત સંગમ" કાર્યક્રમ



ગાંધીનગર, તા.૧૯

કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા ચાલતા અનોખા સર્વ નેતૃત્વ કાર્યક્રમના બેચ ૧ થી ૭૫ના તમામ તાલીમાર્થીઓ (વર્ષ ૨૦૦૯ થી ૨૦૨૩ સુધી) માટેનું સ્નેહમિલન "સર્વ અમૃત સંગમ" કાર્યક્રમ યોજાયો જેમાં સર્વ વિદ્યાલયની વિવિધ કોલેજના ૧૦૮૫ તાલીમાર્થીઓ અને ૩૬ પ્રોફેસરશ્રીઓ, સર્વ નેતૃત્વ ટ્રેનર્સ, આમંત્રિત મહેમાનો જોડાયા હતા. કડી સર્વ વિદ્યાલય દ્વારા ૨૦૦૯થી ચાલતી પાંચ દિવસીય નિવાસી, નિઃશુલ્ક અને મોબાઈલ વગર યોજાયેલ સર્વ નેતૃત્વની ૭૫ શિબીરો પૂર્ણ થતા સર્વ અમૃત સંગમ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. કાર્યક્રમના ઉદ્‌ઘાટન સત્રમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન અને કડી સર્વ વિશ્વ વિદ્યાલયના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ પટેલ, રામકૃષ્ણ આશ્રમ, રાજકોટના અધ્યક્ષ સ્વામી નિખિલેશ્વરઆનંદ મહારાજ, ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાંત જહાં ઉપસ્થિત રહી યુવાનોને એક લક્ષ્ય સાથે જીવન જીવવાની પ્રેરણા પૂરી પાડી હતી. સૌ મહાનુભાવોની ઉપસ્થિતિમાં સર્વ નેતૃત્વની વિવિધ માહિતી ઉપલબ્ધ થઈ શકે એ હેતુથી **sarvanetrutva.in** વેબસાઈટનું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વક્તા તરીકે આઈ.પી.એસ હસમુખભાઈ પટેલ (સ્વનિર્માણ થી રાષ્ટ્રનિર્માણ), આર્યા ચાવડા (સસ્ટેનેબલ લિવિંગ: કેરીંગ ફોર ક્લાઈમેટ) અને રાજકોટ સ્થિત શૈલેષભાઈ સગપરીયા (નેતૃત્વનું ઉત્કૃષ્ટ શિખર - સરદાર પટેલ ) વિષય સાથે વિવિધ દ્રષ્ટાંતો, સત્ય ઘટનાઓ અને પ્રશ્નોત્તરી દ્વારા ઉપસ્થિત યુવાનોને વિષયની સાથે જીવન મૂલ્યોનું રસપ્રદ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સર્વ નેતૃત્વના તાલીમાર્થીઓ, એન.સી.સી, એન.એસ.એસના યુવાનો દ્વારા વૈવિધિસભર સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી ઉપસ્થિત સૌને જોશ અને જુસ્સાથી ભરી દીધા હતા. કાર્યક્રમ દરમિયાન ગાંધીનગરના જાણીતા ટ્રેનર્સ સુરેશભાઈ પટેલ, દીપકભાઈ તેરૈયા, ઉમાબેન તેરૈયા, હરેશભાઈ પટેલ, કિરણભાઈ પટેલ સાથે સમાજ નાયકો એવા ઉદયભાઈ જાદવ, નિષ્ઠાબેન ઠાકર, પારુલ અત્તરવાલા, વૈદેહી સુથાર, સંજયભાઈ થોરાટ વગેરે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓના ઉત્સાહમાં વધારો કર્યો હતો.

**અમેરિકામાં યોજાયેલી ઈન્ટરનેશનલ ટોય કોન્ફરન્સમાં**

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના આસિસ્ટન્ટ પ્રોફેસરે સમગ્ર રાષ્ટ્રનું પ્રતિનિધિત્વ કર્યું

## સેન્ટર ઓફ ટોય સાયન્સના આસિસ્ટન્ટ પ્રોફેસર હર્ષુલ બ્રહ્મભટ્ટે 'રમકડાં આધારિત અધ્યયન પધ્ધતિની મૂળભૂત સાક્ષરતા અને પાયાગત ગાણિતિક કૌશલ્ય વિકાસપર અસર ચકાસતું' સંશોધન પત્ર રજૂ કર્યું





ગાંધીનગર, તા.૧૯

રમકડાં વિજ્ઞાન આધારિત શિક્ષણશાસ્ત્ર પર કામ કરતી વિશ્વની એકમાત્ર ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના અધ્યાપક દ્વારા અમેરિકામાં આયોજિત વર્લ્ડ ટોય કોન્ફરન્સમાં ભાગ લેવામાં આવ્યો હતો. દર ચાર વર્ષના અંતરેઆંતરરાષ્ટ્રીય ટોય રિસર્ચ એસોસિયેશન દ્વારા આયોજિત થતાં આ વૈશ્વિક પરિસંવાદમાં સમગ્ર વિશ્વમાંથી રમકડાં વિજ્ઞાન પર કામ કરતાં વિદ્વાનો શોધપત્ર પ્રસ્તુત કરવા આવે છે. આ વર્ષે આ પરિસંવાદનું આયોજન ૯થી ૧૧ ઓગસ્ટ દરમિયાન અમેરિકાના ન્યૂયોર્ક સ્થિત રોચેસ્ટરના સ્ટ્રોંગ નેશનલ મ્યુઝિયમ ઓફ પ્લેમાં કરવામાં આવ્યું હતું. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના માન. કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલે સેન્ટર ઓફ ટોય સાયન્સના આસિસ્ટન્ટ પ્રોફેસર શ્રી હર્ષુલ બ્રહ્મભટ્ટને આ વર્લ્ડ કોન્ફરન્સમાં ભાગ લેવા માટે પ્રેરિત કર્યાં હતા. આ વર્ષે આયોજિત પરિસંવાદની થીમ "ધ પાવર ઓફ પ્લે થિંગ્સ" હતી, જેમાં વિશ્વના ૨૩ દેશોમાંથી ૮૫ સંશોધકો ઉપસ્થિત રહ્યા હતા. આ પરિસંવાદમાં ભારતમાંથી એકમાત્ર ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સેન્ટર ઑફ ટોય સાયન્સમાં કાર્યરત આસિસ્ટન્ટ પ્રોફેસર શ્રી હર્ષુલ બ્રહ્મભટ્ટેસમગ્ર રાષ્ટ્રનું પ્રતિનિધિત્વ કર્યું હતું. આ પરિસંવાદમાં રમકડાં અને રમત આધારિત શિક્ષણ શાસ્ત્રના ૮૩થી પણ વધારે પ્રેઝન્ટેશન અને વર્કશોપ સંપન્ન થયા હતા. હર્ષુલ બ્રહ્મભટ્ટ દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ આ શોધપત્રના અભ્યાસાર્થે ગાંધીનગરના શહેરી અને ગ્રામ્ય વિસ્તારના ૪૫ વિદ્યાર્થીઓ સાથે ૯ દિવસીય કાર્યશિબિર દરમિયાન રમકડાં અને રમત આધારિત વિવિધ પ્રવૃતિઓ કરાવવામાં આવી હતી, જેનો ઉદ્દેશ્ય બાળકોમાંમૂળભૂત સાક્ષરતા અને પાયાગત ગાણિતિક કૌશલ્ય વિકસાવવાનો હતો. આ સંશોધનના પરિણામો સકારાત્મક જોવા મળ્યા હતા.

# સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે વિશ્વ હાથી દિવસની ઉજવણી

ગાંધીનગર, તા.૧૯

સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર ખાતે આચાર્ય ડૉ. એમ. જી. ભટ્ટની પ્રેરણાથી 'વિશ્વ હાથી દિવસ'ની ઉજવણીના ભાગ રૂપે ઈકો ક્લબના ચેરમેન ડૉ. પી. પી. પ્રજાપતીના માર્ગદર્શન હેઠળ વિધ્યાર્થીઓ દ્વારા હાથીનું મહત્વ સમજાવતા પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. વિધ્યાર્થીઓ દ્વારા હાથી વિષેના રજૂ કરેલા વિચારો તથા મંતવ્યો પ્રમાણે તાજેતરમાં વર્ષ ૨૦૧૭ની હાથીની વસ્તી ગણતરી મુજબ હાથીની સંખ્યા ૨૯૯૬૪ છે. એક પુખ્ત હાથીનું વજન ૫૦૦૦ થી ૬૦૦૦ કિલોગ્રામ હોય છે. હાથીનું સરેરાશ આયુષ્ય ૭૦ વર્ષનું હોય છે. વિશ્વમાં હાથીની ત્રણ જાતો જોવા મળે છે. આઈયુસીએન મુજબ એશિયન હાથીની સંખ્યા ઘટતી જોવા મળી છે.





નેશનલ કમિશન ફોર સફાઈ કર્મચારી ભારત સરકારના ચેરમેન એમ. વેંકેટસન ગાંધીનગર સર્કિટ હાઉસ ગાંધીનગર યુવા મોરચા ઉપપ્રમુખ અરવિંદ પરમાર દ્વારા સન્માન અને શુભેચ્છા મુલાકાત કરી હતી.

# નશા મુક્ત ભારત અભિયાન અંતર્ગત રક્ષાબંધન મહોત્સવનું આયોજન



પ્રભારી રાજયોગિની કૈલાશ દીદીજીએ રક્ષાબંધનની અગ્રિમ શુભકામનાઓ પાઠવતાં બેંકના તમામ કર્મચારીઓની કલાઈ પર દૈવી શક્તિ અને આશીર્વાદયુક્ત પવિત્ર રાખડી બાંધી. જયારે રાજયોગ શિક્ષકા બી.કે. કૃપાલદીદીએ દરેકના મસ્તક પર આત્મ સ્મૃતિનું તિલક લગાવેલ અને બી.કે.પારુલદીદીએ નશા મુક્ત અભિયાન હેઠળ નશા / બુરાઈઓનો ત્યાગ કરવાનું સંકલ્પ ફોર્મ ભરાવીને સૌના મોં મીઠા કરાવેલ., આ સુવર્ણ અવસરે બ્રાન્ચ મેનેજર શ્રીધર શેષાદ્રી અને અન્ય સ્ટાફ ઉપસ્થિત રહયા હતા.

# આજે વલાદ ગામમાં નિઃશુલ્ક મેડિકલ કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર જિલ્લામાં આવેલા વલાદ ગામમાં ૨૦/૮/૨૦૨૩ના રવિવારે સવારે ૯ થી ૧૨ નિઃશુલ્ક મેડિકલ કેમ્પ યોજાશે.આ મેડિકલ કેમ્પ નું આયોજન વલાદ વિકાસ ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવ્યું છે. આ મેડિકલ કેમ્પ માં આંખ, કાન, નાક અને ગળાના ની તપાસ અને જરૂરી દવાઓ નિઃશુલ્ક આપવામાં આવશે.જેમને આંખ ની તકલીફો હશે તેમને કોમ્પ્યુટર દ્વારા આંખ ના નંબર ની તપાસ કરી નંબર હશે તેમને ચશ્મા પણ ફ્રી આપવા માં આવશે. ગ્રીન ક્રોસ લેબોરેટરી દ્વારા સગર્ભા સ્ત્રીઓ ની તપાસ કરવામાં આવશે અને તેમને જરૂરી માર્ગદર્શન આપવામાં આવશે.

# જન્મદિને વધામણી



**બળદેવસિંહ વી.ગોલ**
**મો.૯૪૨૮૪૦૫૫૧૯**



**ઉત્તરા રાજેશકુમાર દુલેરા**
**મો.૭૨૨૬૯૫૩૫૬૦**

# રક્તદાન મહાદાન



પારસમણી ફાઉન્ડેશનના અધ્યક્ષ અને ગાંધીનગર સાહિત્યસભાના પૂર્વ અધ્યક્ષ સંજય થોરાતે થેલેસેમીયા મેજર બાળક માટે રક્તદાન કરતાં આ વખતે ૭૯મી વખત બ્લડ ડોનેશન કર્યું હતું. તેઓ છેલ્લા પાંચ વર્ષથી નિયમિત થેલેસેમીયા મેજર પેશન્ટને પોતાનું બ્લડ આપે છે અને એ માટે તેઓ ખાસ અમદાવાદ પ્રથમા લેબમાં સ્વખર્ચે જાય છે. ગાંધીનગરના ઘણા નિયમિત બ્લડ ડોનરમાં એમનું નામ આવે છે.



શ્રી જે .એમ .ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ગ્રાન્ટેડ વિભાગની ધોરણ ૯,૧૦ વોકેશનલ એજ્યુકેશનની સીવણ મશીન ઓપરેટરની વિદ્યાર્થીનીઓએ માર્ગદર્શક શિક્ષક પટેલ સેજલબેન અને ઉન્નતિબેનની સાથે ગારમેન્ટ ઝોન પીડીપીયુમાં મુલાકાત લીધી.

# ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- **સ્વ.પટેલ જીવીબેન અંબાલાલ** ઉ.વ.૮૯, માણેકપુર, માણસા
- **સ્વ.પરમાર મોંઘીબેન મોહનભાઈ** ઉ.વ.૯૦, સે-૨૪ ઈન્દિરાનગર
- **સ્વ.બિહોલા દશરથબા રતુજી** ઉ.વ.૭૦, નવા પાલજ
- **સ્વ.મકવાણા ગાંડાજી ધુળાજી** ઉ.વ.૭૬, ઈન્દ્રોડા